**<u>અમદાવાદના મહે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૮,અમદાવાદ.</u>**

**ક્રિ.કેસ નં. ૫૭૨૬૩/૨૦૨૦**

ફરીયાદી :- શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓ :- (૧) રસીકભાઈ ગાંડાભાઈ વાઘેલા (૪) રુપાભાઈ કલ્યાણજી ઠાકોર
(૨) મનુભાઈ જીવાભાઈ ગજજર (૫) પ્રભાત માધુસીંહ રાજપુત
(૬) હિમાંશુભાઈ રાવજીભાઈ બારોટ (૭) વિરલ વકતાભાઈ પાતળીયા

ગુન્હો :- ધી જુગાર ધારાની કલમ ૧૨ અ મુજબ.

આરોપીઓ આજરોજ હાજર છે. પોલીસ પેપર્સની નકલો આપી, પ્લી લેતાં તથા કબુલાતની પુરશીસ વંચાણે લેતાં આરોપીઓએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે. તેઓની રજુઆત પ્રથમ ગુન્હો, સામાન્ય આર્થિક સ્થિતિ હોવાનું તથા કૌટુંબિક સ્થિતિ અંગે રજુઆત સાંભળી. વળી, જો કેસ ચાલે તો વર્ષો સુધી કોર્ટમાં ધકકા ખાવા પડે, તેથી ઓછી સજા કે દંડ થાય તે માટે પણ ગુનો કબુલ કરવામાં આવે છે. વળી, સજાનો હુકમ થાય તો જેલમાં અન્ય રીઢા ગુન્હેગારના સંપર્કમાં આવે અને તે પોતે પણ રીઢો ગુનેગાર બને. તે પરિસ્થિતિમાં સજાનો હેતુ માર્યો જાય. તેવી તમામ હકીકતો ધ્યાને લઈ આરોપીઓની ગુનાની વિગત, સ્વેચ્છાપૂર્વકની કબુલાત તથા તેઓની આર્થિક, સામાજીક, કૌટુંબિક સ્થિતિને લક્ષમાં લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

આ કામે આરોપી નં.૧, ૨ અને ૪ થી ૭ ને ક્રિ.પ્રો.કોડની કલમ ૧૨અ અન્વયે ધી જુગાર ધારાની કલમના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવી દરેક આરોપીને રૂા. ૫૦૦/- × ૬ = ૩૦૦૦/- ( અંકે રૂપિયા ત્રણ હજાર પુરા ) દંડ ભરવાનો તથા કોર્ટ ઉઠતાં સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ભરપાઈ ન કરે તો દિન- ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે આરોપી નં.૩ સામે સેપરેટ ચાર્જશીટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

મુદ્દામાલ મોબાઈલ બાબતે અગાઉ જો વચગાળાના તબકકે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો આ હુકમથી કાયમ કરવામાં આવે છે અને જો વચગાળાના તબકકે મુદ્દામાલ મોબાઈલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે બાબતે ઈન્કવાયરી કરી માલિકીની ખરાઈ કરી મુદ્દામાલ મોબાઈલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલના નાણાં સરકાર ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે જયારે અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તારીખ ૦૯ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩
અમદાવાદ

(કુ. રૂચિતા વિકાસ રાજે)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૮,અમદાવાદ.
કોડ નં.જી.જે.૦૧૦૪૮